# હાઈવે પર ઈંધણ ચોરીનો પર્દાફાશ

**પેરોલ** ફર્લો સ્ક્વોડે પલસાણાના બલેશ્વરમાંથી ત્રણની ધરપકડ કરી

**કડોદરાનો** તૌહિદ ડીઝલ ચોરીનું નેટવર્ક ચલાવતો હતો







પલસાણા : પલસાણા તાલુકાના બલેશ્વર ગામની સીમમાં નેશનલ હાઈવે નંબર 48 પર ટેન્કરમાંથી પેટ્રોલ અને ડીઝલની ચોરી કરતા એક મોટા નેટવર્કનો પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. 16 સપ્ટેમ્બર 2026ના રોજ બનેલી આ ઘટનામાં પોલીસે નીલમ વજન કાંટાના પાર્કિંગમાં દરોડા પાડીને 98,035 રૂપિયાના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓની રંગેહાથ ધરપકડ કરી છે. આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર સહિત બે આરોપીઓ પોલીસને જોઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા જેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

- **કુલ જપ્ત મુદ્દામાલઃ 98,035 (રૂ. 3,200 રોકડા, ઓમની કાર, મોબાઈલ, પાઈપ અને કેરબા)**
- **જપ્ત ઈંધણઃ 80 લિટર પેટ્રોલ અને 215 લિટર**
- **ડીઝલરૂટઃ હજીરા હિન્દુસ્તાન પેટ્રોલિયમ ડેપોથી કપરાડા (વલસાડ)**
- **પોલીસ સ્ટેશનઃ પલસાણા પોલીસ સ્ટેશન (ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધાયો)**

### ઝડપાયેલા અને વોન્ટેડ આરોપીઓ


ઈલ્યાસ શેખ

- ઉમાશંકર અમરનાથ યાદવ (ટેન્કર ડ્રાઈવર, રહે. કવાસ, તા. ચોર્યાસી, સુરત, મૂળ રહે ઉત્તરપ્રદેશ)
- મનોજકુમાર જગરામ યાદવ (ટેન્કર ક્લિનર, રહે કડોદરા, મૂળ રહે ઉત્તરપ્રદેશ)
- ગૌતમકુમાર હીરાલાલ શાહ (ચોરીનું ડીઝલ ખરીદનાર કરિયાણાવાળો, રહે ઊંભેળ, તા. કામરેજ, મૂળ રહે ભિલવાડા, રાજસ્થાન)
- તૌહીદ (રહે. કડોદરા, મુખ્ય સૂત્રધાર વોન્ટેડ)
- વિજય ( સાગરીત વોન્ટેડ)

### મોડસ ઓપરેન્ડી

- ચોરીનું ઈંધણ ખરીદનાર ડ્રાઇવર સાથે સાઠગાંઠ કરે છે
- નક્કી કરેલા સ્થળે ડ્રાઇવર ટેન્કર ઊભું રાખે છે
- સીલ તોડી ગણતરીમાં નહીં આવે તેટલું ઈંધણ કાઢી લેવાય છે
- ટેન્કરને ફરીથી સીલ મારી દેવામાં આવે છે.
- ડ્રાઇવરને તેનો હિસ્સો આપી મફત મળેલું ઈંધણ ઓછા ભાવે માર્કેટમાં વેચી દેવાય છે.

## ભાટપુર ગામમાં પરિણીત યુવાનનો આપઘાત

વ્યારાઃ વ્યારાના ભાટપુરમાં 37 વર્ષીય પરિણીત યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. મળતી માહિતી મુજબ તેજસભાઈ રાજુભાઈ ગામીત (ઉં.વ.37) (રહે.,ભાટપુર, પટેલ ફળિયું, તા.વ્યારા)ને સિક્યુરિટી ગાર્ડની નોકરીમાંથી ચારેક માસ પહેલાં કાઢી મૂક્યો હતો. જેને કારણે ઘણા સમયથી માનસિક તણાવમાં રહેતો હતો. જેને ગતરોજ પત્નીએ તેજસ ઘરે હાજર ન રહેતાં તું ક્યાં રખડ્યા કરે છે તેમ કહેતાં તેજસે ગુસ્સામાં આવી બપોરના અરસામાં ઘરે હતો ત્યારે એકથી અઢી વાગ્યા દરમિયાન પોતાના ઘરનો દરવાજો અંદરથી બંધ કરી લોખંડની એંગલ સાથે ઓઢણી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે પોલીસે મૃતક તેજસની પત્ની રીના ગામીતની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીના તરસાડા (બાર) સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા મળી


હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકાની અગ્રણી સહકારી સંસ્થા 'શ્રી તરસાડા વિભાગ મોટા કદની ખેડૂતોની સેવા સહકારી મંડળી લિ.'ની વાર્ષિક સાધારણ સભા મંડળીના પટાંગણમાં પ્રમુખ નરેન્દ્રસિંહ આર. મહિડાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં એજન્ડા મુજબનાં કાર્યોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. સંસ્થાના મેનેજર રાકેશ સી. ઢીમ્મરે નાણાકીય વર્ષ 2025-26ના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા, જેને ઉપસ્થિત તમામ સભાસદોએ એક સૂરે મંજૂર રાખ્યા હતા. મંડળીએ વર્ષ દરમિયાન રૂ.7,13,467નો કાચો નફો મેળવ્યો હતો, જેમાંથી વિવિધ વિકાસ અને કલ્યાણકારી કાર્યો પેટે રૂ.4,55,000ની જોગવાઈ બાદ કરતાં સંસ્થાએ રૂ.2,58,467નો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. પેટા-નિયમો અનુસાર ચોખ્ખા નફાની યોગ્ય ફાળવણી કરીને મંડળીએ પોતાની નાણાકીય સદ્ધરતા સાબિત કરી છે. ઉપરાંત શ્રેષ્ઠ વહીવટની કદરરૂપે ગુજરાત સરકાર દ્વારા સને 2025-26ના વર્ષમાં પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ આપવાની યોજનામાં તાલુકા કક્ષાએ આ મંડળી પ્રથમ નંબરે પસંદગી પામી હતી, જેના ભાગરૂપે મંડળીને રૂ.1 લાખનું પ્રોત્સાહક ઈનામ પણ પ્રાપ્ત થયું છે. કાર્યક્રમના અંતે સંસ્થાના ઉપપ્રમુખ દિલીપભાઈ ગામીતે આભારવિધિ આટોપી હતી.

### માંડવી ખાતે રક્તદાન શિબિર યોજાઈ


હિતેશ પટેલ

માંડવીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સેવા અને સમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ તેમના જન્મદિનની વિશેષ ઉજવણીના ભાગરૂપે માંડવી સ્થિત ભાર્ગવ સમાજની વાડી ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી કેમ્પનો વિધિવત શુભારંભ કરાયો હતો. રક્તદાતાઓની આરોગ્ય તપાસ કરી કુલ 31 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ દિનેશભાઈ પટેલ, માંડવી અને અરેઠ સંગઠન પ્રમુખ પ્રિતેશભાઈ રાવળ, અનિલભાઈ ચૌધરી, પાલિકા પ્રમુખ અમીષાબેન રાઠોડ, ઉપપ્રમુખ પ્રવીણસિંહ અટોદરિયા, કારોબારી અધ્યક્ષ સુનીલભાઈ રબારી તથા મહામંત્રી વિજય પટેલ, શાલીન શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### વ્યારાના ભાનાવાડી પાસે કારમાં લઈ જવાતો 3 લાખનો દારૂ પકડાયો

વ્યારાઃ તાપી LCBએ પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે વ્યારાના ભાનાવાડી ગામે લોટરવા તરફ જતાં રોડ પર નાકાબંધી કરી દારૂની હેરાફેરી કરતી કાર નં.( GJ 15 CM 7292 )ને ત્રણ લાખથી વધુની કિંમતના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડી હતી. પોલીસે આરોપી બુટલેગર તરુણ દિનેશ કેદારિયા (રહે.,નિશાળ ફળિયું, કકડવેરી, તા.ખેરગામ, જિ.નવસારી)ની ધરપકડ કરી રૂ.3,02,634નો દારૂ સહિત કાર અને મોબાઈલ મળી કુલ રૂ.13,07,634નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે બુટલેગરની કારમાંથી ભાગી છૂટેલા અન્ય એક આરોપી સહિત દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર મળી ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કરી પકડાયેલા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પીપરીયા ગામે તાપી નદીમાં 1100 દીવડાની આરતી યોજાઈ



માંડવીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે તેનના દીર્ઘાયુષ્ય માટે માંડવીના પીપરીયા ગામે તાપી નદીમાં 1100 દીવડાની આરતી યોજાઈ હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપ મહામંત્રી રોહિત પટેલ, ગ્રામજનો, તાલુકા અને જિલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## કામરેજ સુગરની બોઈલર અગ્નિ પ્રદીપ્ત વિધિ સંપન્ન


વિશાલ પટેલ

કામરેજઃ કામરેજના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી ખાતે શેરડી પિલાણ સિઝન 2026-27ના પ્રારંભ માટે બોઈલર અગ્નિ પ્રદીપ્ત પૂજાવિધિ ભાદરવા સુદ છઠ ને ગુરુવારે સવારે 10.30 કલાકે સંસ્થાના ડિરેક્ટર નરેન્દ્રભાઈ ભગાભાઈ ઓરણાવાલાના હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અશ્વિન પટેલ(દાઢી)એ પિલાણમાં આવનાર શેરડીનો ચિતાર આપતાં જણાવ્યું કે, સંસ્થાએ પિલાણ સિઝન 2026-27 દરમિયાન અંદાજે 5.50 લાખ મે.ટન શેરડી પિલાણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે સંસ્થાના સંચાલક મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, ડિરેક્ટરો, મેનેજિંગ ડિરેક્ટર, સુગર ફેક્ટરીના અધિકારીઓ અને કામદાર-કર્મચોરીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તાતીથૈયામાં યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

પલસાણાઃ તાતીથૈયા ગામે આવેલ મારુતિ કોમ્પ્લેક્સના બ્લોક-બીમાં ફ્લેટ નંબર ૨૦૨માં રહેતી લક્ષ્મીકુમારી અનિલકુમાર ગુપ્તા (ઉં.વ.૨૩)એ ગત તારીખ ૧૬ સપ્ટેમ્બરે રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૭ વાગ્યાના અરસામાં કોઈપણ સમયે આપઘાત કરી લીધો હતો. મૂળ બિહારના નાલંદાના બિંદ થાના હેઠળ આવતા અમાયારાજ ગામની વતની લક્ષ્મીકુમારીએ પોતાના ફ્લેટના હોલ રૂમમાં છતના પંખાની હૂક સાથે સાડી વડે ફાંસો ખાઈ લીધો હતો. યુવતીએ કયાં કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ સુધી જાણી શકાયું નથી. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## 'તું હવે હિંચકા ઉપર કેમ બેસે છે તે હું જોઉં છું, ટાંટિયાં ભાંગી નાંખીશ'

**ઓલપાડના** દેલાડ ગામના વૃદ્ધ કાકાને ભત્રીજાએ જાનથી મારી નાંખવાની ધમકી આપી

સાયણઃ ઓલપાડના દેલાડ ગામે પટેલ ફળિયામાં ૮૦ વર્ષના વૃદ્ધ સુખદેવભાઈ અંબેલાલ હજારી હાલમાં નિવૃત્ત જીવન ગુજારે છે. તેમનો ભત્રીજો જિતેન્દ્રભાઈ મગનભાઈ હજારી પડોશમાં રહે છે.

ગત મંગળવાર, તા.૧૫ના રોજ સુખદેવભાઈના પુત્રએ તેમની માલિકીનું ટ્રેક્ટર તથા સાધનો પોતાના ઘરની સામેનાં પાર્કિંગમાં મૂક્યાં હતાં. જે બાબતે સાંજે ૫:૧૫ કલાકે જીતેન્દ્રએ ઘરની બહાર જોરજોરથી બૂમાબૂમ કરી લડાઈ-ઝઘડો શરૂ કર્યો હતો. આ બૂમો સાંભળી સુખદેવભાઈ ઘરની બહાર આવતાં જીતેન્દ્રએ તેમને અચાનક ધક્કો મારી ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

જેથી સુખદેવભાઈ પોતાના ઘરમાં જતા રહ્યા હતા અને બારણાં બંધ કરી દીધાં હતાં. દરમિયાન જીતેન્દ્ર ઘરમાંથી લાકડી લઈ આવ્યો હતો અને વૃદ્ધ કાકાના ઘરના બંધ બારણા ઉપર લાકડીના સપાટા મારી ધમકી આપી હતી કે, તું બહાર નીકળ, તને આજે તો જાનથી મારી નાંખીશ. તેણે વૃદ્ધને વધુ ધમકી આપી હતી કે, 'તું હવે ઘર બહારના હિંચકા ઉપર કેમ બેસે છે તે હું જોઉં છું, તારા ટાંટિયાં ભાંગી નાંખીશ'. દરમિયાન થોડા સમય પછી વૃદ્ધનો નાનો દીકરો પંકજ ઘરે આવતાં આરોપી જીતેન્દ્રએ તેના દીકરાને મારવા ધસી આવ્યો હતો અને તેને પણ ધમકી આપી હતી. ગભરાયેલા વૃદ્ધ સુખદેવભાઈએ ભત્રીજા જીતેન્દ્ર હજારી વિરુદ્ધ ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.ગુલાબ કરશન કરી રહ્યા છે.

## કડોદરામાં બાઈકની ચોરી

પલસાણાઃ કડોદરા સરદાર આવાસ પાસે રોડ પર પાર્ક કરેલી સનીકુમાર રાઠોડની ૭૫ હજારની કિંમતની હોન્ડા યુનિકોર્ન બાઈક નં.(GJ-19-BP-5184) ચોરાઈ ગઈ છે. ૧૦મી સપ્ટેમ્બરે બનેલી આ ઘટના અંગે કડોદરા GIDC પોલીસે ગુનો નોંધી પીએસઆઈ જે.ડી.મીરે વધુ તપાસ હાથ ધરી છે.

## જોળવામાં ગરમ પાણીથી દાઝેલા શ્રમિક યુવાનનું મોત

પલસાણાઃ જોળવા સ્થિત ધનુધર કંપનીના ડાઈંગ વિભાગમાં યુઝેટ મશીન પર કામ કરતી વખતે સ્ટીમ પ્રેસર વધતાં દરવાજો ખૂલી જતાં ૧૯ વર્ષીય શ્રમિક રવિકુમાર યાદવ પર ધગધગતું પાણી પડ્યું હતું. આ અકસ્માતમાં ગંભીર રીતે દાઝી ગયેલા રવિકુમારનું સુરતની મહાવીર હોસ્પિટલમાં ૮ દિવસની સઘન સારવાર બાદ મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની યુવકના મોત અંગે પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કન્યાસીમાં વેરાની ઉઘરાણી કરવા ગયેલા કર્મચારીને ત્રણ શખ્સે ફટકાર્યો

કીમઃ ઓલપાડના કન્યાસી ગામે ગ્રામ પંચાયતના વેરાની વસૂલાતની ઉઘરાણી કરવા ગયેલા કર્મચારી સાથે મારામારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે કીમ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ગુનો નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે. સુરતના વરિયાવ વિસ્તારમાં રહેતા 32 વર્ષીય પ્રગ્નેશ વલ્લભભાઈ જેતાણી નોકરીના કામે કન્યાસી ગ્રામ પંચાયત પાસે વેરાની વસૂલાતની ઉઘરાણી કરવા ગયા હતા. દરમિયાન તેમણે વિશાલ સુરેશભાઈ ગોહિલ પાસે વેરાની રકમ અંગે ઉઘરાણી કરતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને ફરિયાદીને ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. દરમિયાન ધ્રુવ અશ્વિનભાઈ સોનવિયા તથા જીતેન્દ્ર દલપતભાઈ ગોહિલ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. ફરિયાદ મુજબ ત્રણેય શખ્સોએ એકસંપ થઈ ફરિયાદીને ઢીકાપાટુનો માર માર્યો હતો. એટલું જ નહીં ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપવાની સાથે તેમની ફરજમાં પણ રૂકાવટ કરી હતી. આ બનાવ અંગે પ્રગ્નેશ જેતાણીએ કીમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વિશાલ ગોહિલ, ધ્રુવ સોનવિયા અને જીતેન્દ્ર ગોહિલ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.





તળાવ ફળિયું યુવા ગ્રુપ, તડકેશ્વર, તા.અરેઠ, જિ.સુરત


તિથિ આશિષ પટેલ, ખાપરવાડા જોરા ફળિયા, બીલીમોરા, નવસારી


રાજેશકુમાર પટેલ, સડક ફળિયા, ચણવઈ, વલસાડ


જીતેન્દ્રસિંહ એન. ઠાકોર, જનકપુરી સોસાયટી, કીમ પોસ્ટ ઓફિસ રોડ, ઓલપાડ


હેમંત પટેલ, બાળ યુવક મંડળ, બીલીમોરા, નવસારી


દિલીપ પટેલ, પ્લેટીનમ પેલેસ, સાયણ














